# એસ.યુ.જી કોલેજ ઓફ એજ્યુકેશન

## વાસણા, અમદાવાદ

# વાર્ષિક અહેવાલ

## વર્ષ- 2023-25



# અનુક્રમણિકા

| ક્રમ | વિષય |
|---|---|
| ૧. | પ્રવેશોત્સવ |
| ૨. | વિદ્યાર્થી પરિષદની ચૂંટણી |
| ૩. | પ્રાર્થના કાર્યક્રમની ભૂમિકા |
| ૪. | માઇક્રો-લેશન |
| ૫. | સિમ્યુલેશન |
| ૬. | સ્ટ્રે-લેશન |
| ૭. | પુસ્તક સમીક્ષા |
| ૮. | મનોવૈજ્ઞાનિક કસોટી |
| ૯. | બ્લ્યૂ પ્રિન્ટ આધારિત પ્રશ્નપત્ર |
| ૧૦ | બ્લોક-ટીચિંગ |
| ૧૧. | ક્રિયાત્મક સંશોધન |

| | |
|---|---|
| ૧૨. | 11 અઠવાડિયાની ઇન્ટર્નશીપ |
| ૧૩. | TLM & PPT |
| ૧૪. | 4 અઠવાડિયાની ઇન્ટર્નશીપ |
| ૧૫. | વાર્ષિક પાઠ |
| ૧૬. | ડિજિટલ લેશન પ્લાન & PPT |
| ૧૭. | ટીચર્સ ડે |
| ૧૮. | નવરાત્રી |
| ૧૯. | વિશ્વ માતૃભાષા દિવસ |
| ૨૦. | ઇન્ટરનેશનલ વુમન્સ ડે |
| ૨૧. | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ |
| ૨૨. | ઇનોવેશન ક્લબ ટ્રેનિંગ |
| ૨૩. | શિક્ષણ આધારિત ફિલ્મ |
| ૨૪. | સંસ્થા મુલાકાત |
| ૨૫. | વિદાય કાર્યક્રમ |

## પ્રવેશોત્સવ

કોલેજના સિનિયર સેમ-૩ ના તાલીમાર્થી દ્વારા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેને શરૂઆત પ્રાર્થના કાર્યક્રમ થી કરવામાં આવે છે. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી અશોકભાઈ પટેલ દ્વારા સંબોધન આપવામાં આવે છે. અને નવા તાલીમાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યુ હતું.

## વિદ્યાર્થી પરિષદની ચૂંટણી

એસ. યુ. જી. કોલેજ ઓફ એજ્યુકેશન માં વિદ્યાર્થી પરિષદની ચૂંટણીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં જી.એસ અને એલ.આર તેમજ પ્રવાસના મંત્રી, રમત ગમતના મંત્રી, સ્વચ્છતા અભિયાનના મંત્રી, સાંસ્કૃતિક કાર્યક્રમના મંત્રી,

વગેરેની વોટ દ્વારા નિમણૂક કરવામાં આવે છે. તેનું આયોજન વાસ્તવમાં જે રીતે ચૂંટણી થાય છે તે રીતે જ કરવામાં આવે છે.

## પ્રાર્થના કાર્યક્રમની ભૂમિકા

પ્રાર્થના કાર્યક્રમની ભૂમિકા દરેક તાલીમાર્થી ને ફરજિયાત કરવાની હોય છે. જેમાં સંચાલન, ગીત, વિચાર તેમજ પ્રશ્નોત્તરીની કામગીરી કરવાની હોય છે. જેનાથી દરેક તાલીમાર્થીઓનો સ્ટેજ નો ડર દૂર થાય છે અને કોન્ફિડન્સ સાથે કાર્યને પૂરું કરવાની તક મળે છે.

## માઈક્રો - લેશન

બી.એડ ના અભ્યાસક્રમ દરમિયાન માઈક્રો લેશન પણ અપાવવામાં આવે છે જે કોલેજ

દ્વારા જ લેવામાં આવે છે. જેમાં અલગ અલગ કૌશલ્ય જેમકે પ્રશ્નપ્રવાહીતા વિષયાભિમુખ,કા.પા. કાર્ય, સ્પષ્ટીકરણ, ઉત્તેજના પરિવર્તન વગેરે કૌશલ્ય શીખવા મળે છે અને જેમાં ગ્રુપ દ્વારા કાર્ય કરવામાં આવે છે.

## સિમ્યુલેશન

સિમ્યુલેશનમાં અલગ અલગ પદ્ધતિઓ દ્વારા પાઠ આપવામાં આવે છે.જેવી કે કથન ચર્ચા પદ્ધતિ, આગમન નિગમન પદ્ધતિ, પ્રદર્શન પદ્ધતિ, કાવ્ય પદ્ધતિ, તુલના પદ્ધતિ. તેમજ આ પાઠ પણ ગ્રુપ દ્વારા જ કરવામાં આવે છે.

## સ્ટ્રે- લેશન

જેમાં તાલીમાર્થીઓને શાળામાં પાઠ આપવાનો હોય છે દરેક તાલીમાર્થી માટે આ પાઠ શાળામાં ધોરણ ૬ થીટમા આપવાના હોય છે

જેમાં એક અધ્યાપક સાથે હોય છે અને તાલીમાર્થીનું નિરીક્ષણ કરે છે આ કુલ પાંચ દિવસ આપવાના હોય છે.

## પુસ્તક-સમીક્ષા

દરેક તાલીમાર્થીને તેમની મનપસંદ કોઈપણ પુસ્તકની સમીક્ષા કરીને જે તે અધ્યાપકને જમા કરાવવાની રહે છે.

## મનોવૈજ્ઞાનિક કસોટી

મનોવૈજ્ઞાનિક કસોટી:- દેસાઈ પ્રગટ ચિંતા માપદંડ જેમાં તાલીમાર્થી એ તેમની નજીકની શાળામાં કોઈ એક વર્ગખંડમાં આ કસોટી લેવાની હોય છે.તેનું માપદંડ નીકાળવાનું રહે છે. અંતે તે કોલેજમાં જમા કરાવવાનું રહે છે.

# બ્લ્યૂ પ્રિન્ટ આધારિત પ્રશ્નપત્ર

બ્લ્યૂ પ્રિન્ટ દરેક મેથડમાં બનાવવાની રહે છે સાથે પ્રશ્નપત્ર પણ બનાવવાનું હોય છે. પ્રશ્નપત્ર નીચે જણાવેલ ગુણભાર દ્વારા તેની રચના કરવામાં આવે છે.

1)વિષયવસ્તુના મુદ્દા અનુસાર ગુણભાર

2)હેતુ અનુસાર ગુણભાર

3) પ્રશ્ન પ્રકાર અનુસાર ગુણભાર

- મેથડ ૧.
- મેથડ ૨.

## બ્લોક ટીચિંગ

બ્લોક ટીચિંગ માં દરેક તાલીમાર્થીએ શાળામાં પાઠ આપવાનો હોય છે. જેમાં ધોરણ નવ અને દસમા પાઠ આપવાના હોય છે. જેનું નિરીક્ષણ ગ્રુપમાં એક અધ્યાપક દ્વારા થાય છે. બ્લોક ટીચિંગ માં પાંચ દિવસ પાઠ આપવાના હોય છે.   જે દરેક તાલીમાર્થી માટે ફરજિયાત હોય છે.

## ક્રિયાત્મક સંશોધન

ક્રિયાત્મક સંશોધનનું કાર્ય દરેક તાલીમાર્થી એ કરવાનું રહે છે શાળામાં રહેલા વિદ્યાર્થીઓના શું શું કારણ હોઈ શકે છે તે જાણી તેના પર આ કાર્ય કરવાનું રહે છે.

## ૧૧ અઠવાડિયાની ઇન્ટર્નશીપ

૧૧અઠવાડિયાની ઇન્ટરનશીપ તાલીમાર્થીને નજીકની શાળામાં કરવાની રહે છે જેમાં કોલેજના નીતિ નિયમ પ્રમાણે તેમાં કાર્ય કરવાનું રહે છે. તાલીમાર્થી એ ધોરણ 6 થી 8 માં અભ્યાસ કરાવવાનો રહે છે. તેમજ સાથે સાથે સંપૂર્ણ ઇન્ટર્નશીપ અહેવાલ લખવાનો રહે છે. તેમજ કોઈ પણ એક ધો નું હાજરી પત્રક, પ્રમાણપત્ર બનાવાનું રહે છે શાળામાં નિયમિત હાજર રહેવાનું હોય છે.

## ૪ અઠવાડિયાની ઇન્ટર્નશીપ

આ ઇન્ટર્નશીપ ધો ૯ & ૧૦ માં કરવાની રહે છે. અહેવાલ પણ લખવાનો હોય છે. શાળામાં નિયમિત રહેવાનું હોય છે.

# વાર્ષિક પાઠ

વાર્ષિક પાઠ દરેક તાલીમાર્થી એ ફરજિયાત આપવાનો રહે છે.જેમાં કોલેજના જણાવ્યા પ્રમાણે તેજ શાળામાં પાઠ આપવાના રહે છે.

- મેથડ ૧.
- મેથડ ૨.

- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ :-

# ટીચર્સ ડે




ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. કોલેજમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે જેમાં જે તાલીમાર્થીને ભાગ લેવો હોય તે લઈ શકે છે જેમાં તે સ્પીચ, ગાન, પ્રશ્નોત્તરી ની રજૂઆત કરી શકે છે.

## નવરાત્રી

કોલેજના કેમ્પસમાં ગરબાનું આયોજન કરવામાં આવે છે. બધા સાથે મળીને ગરબા ગાઈએ છીએ તેમજ ખૂબ જ મજા આવે છે અંતે નાસ્તો પણ કરીએ છીએ.

## વિશ્વ માતૃભાષા દિવસ

૨૧ ફેબ્રુઆરીના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. પ્રાર્થના કાર્યક્રમમાં ગીત, વિચાર, પ્રશ્નોત્તરી વગેરે માતૃભાષાને મહત્વ આપતું કાર્ય કરવામાં આવે છે.

## ઇન્ટરનેશનલ વુમન્સ ડે

૮ માર્ચના રોજ આ દિવસની ઉજવણી કરવામાં

આવે છે. પ્રાર્થના કાર્યક્રમમાં આ દિવસને અનુસાર તેનું આયોજન કરવામાં આવે છે.


## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

૨૮ ફેબ્રુઆરી ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ની ઉજવણી કરવામાં આવે છે. પ્રાર્થના કાર્યક્રમમાં સંપૂર્ણ કાર્ય રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનું જ કરવામાં આવે છે જેમાં વિજ્ઞાન દિવસ કેમ ઉજવવામાં આવે છે તેની સ્પીચ તેમજ તેને અનુરૂપ પ્રશ્નોત્તરી વગેરે કાર્ય કરવામાં આવે છે.

## Innovation club training

આ ટ્રેનિંગમાં ઘણું બધું શીખવા મળે છે. જેમાં **coding,word map,Diodes,** વગેરે ની જાણકારી

મળે છે.




## શિક્ષણ આધારિત ફિલ્મ

1) મેડમ ગીતા રાણી

2) મસ્તી કી પાઠશાલા

# સંસ્થા મુલાકાત

કોલેજ દ્વારા સંસ્થા મુલાકાત માટે પણ લઈ જાય છે.૨૦૨૩-૨૦૨૫ માં અંધજન મંડળની તેમજ જેલની મુલાકાત માટે તાલીમાર્થીઓને લઈ જવામાં આવ્યા હતા. જેનાથી ખૂબ જ સારો અનુભવ રહ્યો હતો.




## અંધજન મંડળ



# સાબરમતી મધ્યસ્થ જેલ

## સપ્ત ધારા.

કોલેજમાં સાત દિવસ સુધી સપ્તધારા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવે છે. જેમાં

- પત્ર લેખન, માપન
- રંગોળી, વેસ્ટ માંથી બેસ્ટ ,શબ્દપૂર્તિ
- ચિત્ર સ્પર્ધા, સલાડ, કેશગુંફન, મહેંદી
- અંતાક્ષરી કાર્યક્રમ, લગ્ન ગીત
- ખાણીપીણી સ્પર્ધા
- સ્વચ્છતા અભિયાન

વગેરે સ્પર્ધા ની ઉજવણી કરવામાં આવે છે.

દરેક સ્પર્ધામાં તાલીમાર્થીઓ ભાગ લઈ શકે છે અને અંતે સ્વચ્છતા અભિયાન કરી કોલેજ તરફથી નાસ્તો કરાવવામાં આવે છે.

# વિદાય કાર્યક્રમ

વિદાય કાર્યક્રમની શરૂઆત શ્લોક ગાન થી થાય છે. વિદાય લેનાર તાલીમાર્થીઓ પોતાના અનુભવો જણાવે છે. બે વર્ષ દરમિયાન જે સમય કોલેજમાં પસાર કર્યો છે તેની યાદો તાજી થાય છે. અંતે બધા સાથે મળીને નાસ્તો કરીએ છીએ.



૨૦૨૩ - ૨૦૨૫

# આભાર